## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આઠમી તારીખે ભ્રષ્ટ્રાચાર વિરોધ દિવસ ઊજવીશું... તે દિવસે રજા જાહેર કરીશું જેથી ઘરે બેઠા કોઈ ભ્રષ્ટાચાર કરી જ ન શકે...!!

# નકલી નોટના કેસમાં ચાર આરોપીઓને ૧૦ વર્ષની સાદી કેદની સજા

ગાંધીનગર તા ૪

મુંબઈમાં ભાડે મકાન રાખી નકલી ચલણી નોટ બનાવાના કેસમાં સંડોવાયેલા ચાર આરોપીઓને ગાંધીનગર કોર્ટે ૧૦ વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૬ ઓગષ્ટ વર્ષ ૨૦૧૬ ના રોજ ચિલોડા પોલીસે આ કેસના આરોપી રાહુલ સુરેશ પટેલ, પ્રકાશ દુબે, ઈમરાન ફારુખ પઠાણ તેમજ મનાલી ઉર્ફે માયરાને પોતાના કબજામાં રહેલી રૂ ૧૦૦ ના દરની ચલણી નોટો સાથે ઝડપી લીધા હતા. આરોપીઓ પોતાના આર્થિક લાભ માટે ભારતીય ચલણી નોટો બનાવવા માટે મુંબઈના નાલાસોપારામાં મકાન ભાડે રાખ્યુ હોવાનુ પણ પોલીસ તપાસમાં ધ્યાને આવ્યુ હતુ. જે અન્વયે પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં સરકારી વકીલે જણાંવ્યુ હતુ કે આરોપીઓએ રાષ્ટ્રના અર્થતંત્રને ખોખલુ કરી નાખે તેવો ગુન્હો કર્યો છે. જેથી આરોપીઓને કાયદામાં દર્શાવેલ પુરેપુરી અને સમાજમાં દાખલો બેસે તેવી સજા થવી જોઈએ. પુરાવા તેમજ સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ જજ સારંગા વી વ્યાસે આરોપીઓને ૧૦ વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા માટે આદેશ કર્યો છે.



સત્યાગ્રહ છાવણી નગરપાલિકાના કર્મચારીઓથી ઉભરાઈ

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે બપોરના સુમારે રાજયની નગરપાલિકાના કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોને લઈને એકઠા થયા હતા. જેમાં પાલિકાના કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં સાતમુ પગાર પંચ આપવું, રોજમદાર કર્મચારીઓને કાયમી નોકરી આપવી તેમજ નગરપાલિકા બોર્ડની રચના કરવી સહિતના પ્રશ્નો વર્ષોથી પેન્ડીંગ છે અનેકવાર રજુઆત છતા કોઈ નિવેડો ન આવતા સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરની નગરપાલિકાના કર્મચારીઓ એકઠા થઈને સરકારની અન્યાયકારી નિતી સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમજ સરકાર દ્વારા હકારાત્મક પ્રતિભાવ નહીં મળે તો ઉગ્ર આંદોલનના મુડમાં કર્મચારીઓ જણાયા હતા.

# ગાંધીનગર દલિત સેનાએ લીંબોદ્રાની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી

### ગાંધીનગર જિલ્લા દલિત સેનાની જવાબદાર સામે પગલા ભરવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના લીંબોદ્રા ગામે મુછો રાખવા જેવી સામાન્ય બાબતને લઈને દલિત યુવક પર હુમલો કરી બેરેહમીથી માર મારવામાં આવ્યો હતો. આ ઉપરાંત આણંદમાં પણ ગરબા જોવા જેવી બાબતમાં અન્ય શખ્સોએ દલિત યુવક પર હુમલો કર્યો હતો. જયારે ચાણસ્માના ગંગેટ ગામમાં પણ દલિત પર થયેલા આ હુમલાને ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવે છે. જયારે રાજય સરકાર દલિતો પર થયેલ હુમલા બાબતે ન્યાય આપવામાં અને રક્ષા કરવામાં નિષ્ફળ ગયેલ છે.રાજયમાં કાયદો વ્યવસ્થા જળવાય તે સરકારની જવાબદારી છે. જો દલિતો પર આવા હુમલાઓ બનતા રહેશે તો દલિત સેના ન છુટકે ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરશે. તેમ ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ એચ મેસરવાલા, મહામંત્રી દિનકરભાઈ આર. પરમાર અને ઉપપ્રમુખ જયંતિલાલ છત્રારીયાએ જણાવ્યું છે.



ઓપન ગુજરાત નાગર રાસ-ગરબા સ્પર્ધામા ગાંધીનગર પ્રથમ ક્રમે

ઘંટારવ કલ્ચરલ ગ્રુપ દ્વારા દર વર્ષે ઓપન ગુજરાત નાગર રાસ- ગરબા સ્પર્ધાનુ આયોજન થતુ હોય છે. આ સ્પર્ધામા જુદા જુદા જિલ્લાઓની નાગર મંડળ ની ટીમ ભાગ લેતી હાય છે. આ વર્ષે અમદાવાદ ખાતે સંસ્થા દ્વારા આ સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ સ્પર્ધામા વડનગરા નાગર મંડળ, ગાંધીનગર ની ટીમે પ્રાચિન અને અર્વાચીન એમ બંને શ્રેણિમા ભાગ લીધો હતો. પ્રાચિન શ્રેણિમા ગાંધીનગરની ટીમે પ્રથમ ક્રમ મેળવ્યો હતો. મંડળ ની યુવા બ્રિગેડ દ્વારા આ કાર્યક્રમમા સુંદર રાસ રજૂ કરવામા આવ્યો હતો. વડનગરા નાગર મંડળ, ગાંધીનગર ના પ્રમુખ શ્રી પ્રહર અંજારિયાએ જણાવ્યુ હતુ કે, મંડળની બહેનોએ આ સ્પર્ધામા ખૂબ સુંદર પ્રદર્શન કર્યુ, તેમનો ઉત્સાહ અનેરો હતો. તેમની સખત મહેનત અને પ્રેક્ટિસને લીધેજ આ પરિણામ શક્ય બન્યુ હતુ. ગરબાની કોરીઓગ્રાફી ભક્તિ ઓઝા દ્વારા કરવામા આવી હતી અને ટીમ સંચાલક તરીકે જીજ્ઞા બુચ દ્વારા સેવાઓ આપવામા આવી હતી. આ ટીમમાં કલ્યાણી વૈષ્ણવ, ચક્ષુશા વોરા, કુંતલ શુક્લ, કૃતિ ત્રિવેદી, નેહા અંતાણી, વિભૂતિ બુચ, કૃતજ્ઞૈં વસાવડા, મેધાવી ઓઝા, હિમાની માંકડ, નિધિ સ્વાદીયા, માહિમા વોરા, તર્જનિ માંકડ, ખુશાલી હાથી, આશ્રુતિ પાઠક અને દુર્વા બક્ષી દ્વારા ભાગ લેવામા આવ્યો હતો. આ બહેનોએ વડનગરા નાગર મંડળ, ગાંધીનગરનુ ગૌરવ વધાર્યુ છે.

# પેથાપુરમાં શુક્રવારે કોંગ્રેસનું કાર્યકર સંમેલન અને સભા

ગાંધીનગર, તા. ૪

આગામી ૬ ઓકટો.નો શુક્રવારના રોજ ગાંધીનગર(ઉ)ના બેઠકના કોંગ્રેસી કાર્યકરોનું એક સંમેલન અને જાહેરસભાનું આયોજન પેથાપુર બસસ્ટેશન પાસે કરવામાં આવ્યુ છે.

સાંજે ૭ વાગે યોજાનાર આ જાહેરસભામાં ગુજરાત વિધાનસભાના કોંગ્રેસના સિનીયર ધારાસભ્ય અને રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ડૉ. કરશનદાસ સોનેરી, પ્રદેશ સમિતિના ઉપપ્રમુખ જગદીશભાઈ ઠાકોર, લોકસભા-વિધાનસભાના નિરીક્ષકો તેમજ પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, પ્રદેશ પ્રવક્તા નિશીત વ્યાસ, મનપાના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ પ્રમુખ જશુભા રાણા, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પ્રદેશમંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, પોપટલાલ પટેલ, મુકેશ પટેલ, વિક્રમસિંહ ખાચર, કનુભાઈ વાઘેલા, પૂર્વ ડે. મેયર યુસુફ પરમાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહેનાર છે. આજે માણસા ખાતે પણ આવી જ બેઠક મળી હતી જે ઉલ્લેખનીય છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં મોંઘવારી વિરૂદ્ધમાં આંદોલનના શ્રી ગણેશ કરવા માટે ૮મી ઓક્ટો.થી વોર્ડવાર બેઠકોનું આયોજન પણ આખરી કરી દેવામાં આવ્યુ હોવાનું કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# ગાંધીનગર/અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના કન્વીનર તરીકે ગોવિંદભાઈ ચૌહાણ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર/અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના હોદ્દેદારો તેમજ સભ્યોની તાજેતરમાં એક બેઠક યોજાઈ હતી. જેમાં સૌ સભ્યોએ સર્વાનુમતે કન્વીનર તરીકે ગોવિંદભાઈ ચૌહાણની વરણી કરી હતી.



યુનિયનના કન્વીનર ગોવિંદભાઈ ચૌહાણ સમાજના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોને વાચા આપે અને ન્યાય મળે ત્યાં સુધી લડત આપે તેમ સૌ સભ્યોએ જણાવી શુભેચ્છા પાઠવી હતી.

# બહુજન સમાજ પાર્ટી દ્વારા મોરબી ગોપાલધામની ઘટના અંગે રાજયપાલશ્રીને આવેદનપત્ર અપાયું

### માલધારી-ઓબીસી સમાજ ન્યાય યાત્રા ગાંધીનગર આવી હતી

ગાંધીનગર, તા.૪

હળવદ ખાતે થોડા માસ અગાઉ ગોપાલ ધામ ખાતે થયેલી ઘટનામાં ભોગ બનનાર અસરગ્રસ્તોને હજુ સુધી ન્યાય ન મળતા બહુજન સમાજ પાર્ટી અને માલધારી ઓબીસી સમાજ દ્વારા ન્યાય યાત્રાનું આયોજન તા.૪ ઓકટોબરના રોજ કરવામાં આવ્યું હતું.જેમાં હળવદથી યાત્રા સવારે નીકળી હતી અને બપોરે ૩ વાગે અડાલજ ખાતે આવી પહોંચી હતી.ત્યારબાદ માલધારી સમાજના આગેવાનો અને બહુજન સમાજ પાર્ટીના કાર્યકરોએ રાજયના રાજયપાલ ઓ.પી.કોહલીને આવેદન પત્ર પાઠવી હળવદ ઘટનામાં અસરગ્રસ્તોને યોગ્ય ન્યાય અપાવવાની સાથો સાથ રાજયના ગરીબો, પછાતો, અને દલીત, ખેડુત અને મજુરોની દયનીય હાલત અંગે જણાવ્યું હતું.



આઝાદ ભારતમાં સર્વે સમાજના પ્રત્યેક નાગરીકને સ્વંતત્રતા, સમાનતા, ન્યાયરૂપી બંધારણીય હકો મળેલા છે. તેમ છતા આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ પછાત વર્ગો પર અન્ય વર્ગો દ્વારા હુમલા થતા રહે છે. તાજેતરમાં હળવદના ગોપાલ ધામ ખાતે પણ એક ઘટના બની હતી. જેમાં માલધારી સમાજના યુવક મોતને ભેટયા હતા. આ કેસમાં તંત્ર દ્વારા અસરકારક પગલા લેવામાં ન આવતા બહુજન સમાજ પાર્ટી અને માલધારી ઓબીસ સમાજ દ્વારા ન્યાય યાત્રા કાઢીને ગાંધીનગર આવ્યા હતા અને બહુજન સમાજ પાર્ટીએ રાજયપાલને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.જેમાં ગોપાલધામની આ ઘટનામાં મૃતકના પરિવારજનોને રૂ.૨૫ લાખનું આર્થિક વળતર આપવામાં આવે, દરેક મૃતકના પરિવારજનોને સરકારી નોકરી, ૧૦ એકર જમીન, સીબીઆઈને તપાસ,સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે. આ યાત્રાને સફળ બનાવવા બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ અશોક ચાવડા, બિપિન સોલંકી, નિકેશ જૈન, શૈલેષ સોલંકી પ્રભારી સુરેન્દ્ર જિલ્લા, ગોંવિદભાઈ ભરવાડ, મશરુભાઈ ભરવાડ,ગાંધીનગર બસપા પ્રમુખ ચિરાગ પરીખ અને પ્રભારી પ્રવિણ વાઘેલા સહિત માલધારી સમાજના આગેવાનો થતા ઓબીસી સમાજના આગેવાનો તેમજ બહુજન સમાજના કાર્યકર્તાઓ સહિત મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

### લીંબોદરમાં દલીત યુવાન પર થયેલા હૂમલા પ્રકરણમાં

# આમ આદમી પાર્ટીના આગેવાનો જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપશે

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ દિગંત મહેરીયાની ખબર-અંતર પુછીને આપના આગેવાનોએ ન્યાય અપાવવા લડતની ખાતરી આપી

ગાંધીનગર, તા. ૪

ઉના દલીત કાંડ જેવી કલંકીત ઘટના બાદ ગુજરાતમાં આજદિન સુધી દલીતો પર અત્યાચાર રોકાવવાનુ નામ નથી લઈ રહ્યાં ત્યારે ગરબા જોવા જેવી કે મુછો રાખવા જેવી નજીવી બાબતે દલીતો પર જીવલેણ હૂમલા થઈ રહ્યા હોવા છતાં ગુજરાત સરકાર આ અત્યારાઓની મુકદર્શક બનીને બેસી રહી છે. ગાંધીનગરના લીંબોદરા ગામમાં બે યુવાનોને મુછો રાખવા માટે મારવામાં આવ્યા તેના ગુનેગારોને સબક શિખવાડવાની વાત તો દૂર આ કેસના સાક્ષી એવા ૧૭ વર્ષના દિગંત મહેરીયા પર પણ ગઈકાલે જીવલેણ હૂમલો થયો. આ ભાજપ સરકારની દલીતો પ્રત્યેની અસંવેદનશીલતા હોવાનુ કહીને નિષ્ફળ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના રાજીનામાની માંગ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવી છે. દલીત યુવા નેતા જીગ્નેશ મેવાણીની વારંવાર થતી ધરપકડને ગેર વ્યાજબી ઠેરવી આ બાબતને આમ આદમી પાર્ટીએ શરમજનક દર્શાવી છે.



આમઆદમી પાર્ટીના ગુજરાતના મહામંત્રી રાજેશ પટેલ, દલિત આગેવાન રાકેશ મહેરીયા, અમદાવાદ ઈન્ચાર્જ આશુતોષ પટેલ તથા અન્ય આગેવાનો-કાર્યકરોએ આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ પીડીત યુવાન દિગંત મહેરીયાની ખબરઅંતર પુછવા મુલાકાત લીધી હતી. આવતીકાલે ૧૨ વાગે આપની એક ટીમ ગાંધીનગર કલેકટરની મુલાકાત લેશે અને આ યુવાનને ન્યાય મળે તથા આ પ્રકારની કોઈ પણ ઘટના ફરી ન બને તે માટે આવેદનપત્ર આપી રજુઆત કરશે. દલીતો પર થઈ રહેલા અત્યાચારની સામે આવનારા સમયમાં આમ આદમી પાર્ટી ઉગ્ર કાર્યક્રમો કરશે તેમ આપના મીડિયા કોઓર્ડીનેટર હર્ષિલ નાયકે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# શહેર વસાહત મહાસંઘની બેઠકમાં શહેરના પ્રશ્નોના નિરાકરણ માટે લડત આપવા સહમતી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા તા. ૨જી ઓક્ટોબરે જુના સચિવાલય કેન્ટિન ખાતે લોક સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકસંવાદમાં વસાહત મહાસંઘના હોદ્દેદારો, શહેરના અગ્રણી નાગરિકો, તજજ્ઞો, કર્મચારી સંગઠનના આગેવાનો, વરિષ્ઠ નાગરિકો, પેન્શનર્સ, કર્મચારી સંસ્થાના સભ્યો, વેપારીઓ, લારીગલ્લા તથા મીનાબજારના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભે સંસ્થાના મહામંત્રી પોપટલાલ પ્રજાપતિના સ્વાગત પ્રવચન બાદ સંસ્થાના પ્રમુખ કેસરીસિંહ બિહોલા દ્વારા શહેરના પ્રશ્નો જેવા કે અપૂરતો પાણીનો ફોર્સ, પાર્કિંગ સમસ્યા, ટ્રાફિક સમસ્યા, વધતી જતી ગુનાખોરી, ચોરીઓ, વિજળી, સાફસફાઈ, સ્ટ્રીટલાઈટ મરામત, બાગ-બગીચા, સિવિલ હોસ્પિટલની સુવિધાઓનું અદ્યતીકરણ, સીટીબસ, રખડતા ઢોરો, મહિલા વિદ્યાર્થીઓની સુરક્ષા, વાહનોની ગતિમર્યાદા, ફૂટપાથ પરના દબાણો, વીઆઈપી મુલાકાતોથી પ્રજાની પરેશાની, મિલ્કતવેરો, જેવા અનેક પ્રશ્નોનું નિરાકરણ નથી આવતુ એ અંગે ઉગ્ર કાર્યક્રમો તથા આંદોલન કરવા પ્રસ્તાવ મુક્યો હતો. જેને તમામ સભ્યોએ ટેકો જાહેર કર્યો હતો. આ સભામાં અધ્યક્ષપદે મુકેશભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, મનુભાઈ મહેતા, પ્રદિપસિંહ બિહોલા, સમીર ત્રિવેદી, મહેન્દ્ર ભાવસાર, હરેશ પટેલ, ચિમનભાઈ ચૌહાણ, રામેશ્વર લોટ, કે.આર. પટેલ અને કે.પી. સોલંકી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપ સરકારે ૨૦ વર્ષમાં કેટલા કર્મીઓને રાહતદરે પ્લોટ આપ્યા ? : ડૉ. હિમાંશુ પટેલ

ગુજરાત રાજ્યમાં છેલ્લા એક દશકાથી ભારે હાલાકી સાથે વ્યથા વેઠી રહેલાં દરેક ક્ષેત્રનાં તમામ વર્ગનાં લોકોમાં ભાજપ સરકાર સામે એટલી હદે રોષ વ્યાપેલો છે કે, ગાંડા થયેલા વિકાસે હવે રાજકીય લ્હાણી શરૂ કરી દીધી છે. ભાજપ સરકારે સવર્ણ આયોગ, મગફળી-કપાસના ભાવો, કર્મચારીઓને ૭મા પગાર પંચના લાભોથી લઈ પગાર વધારો અને ઘરનું ઘર જેવી જાહેરાતોને માત્ર ચૂંટણીલક્ષી ખુશામતખોરી જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આ જાહેરાતો અગાઉ ભાજપ સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ખેડૂતો, પાટીદારો-સવર્ણો, વિદ્યાર્થીઓ, શિક્ષિત બેરોજગારો, મહિલાઓ અને શોષિત કર્મચારીઓને ક્યારે, કેટલી રાહતો આપી તેની સત્તાવાર યાદી જાહેર કરવા માંગણી કરી છે.

ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, સમગ્ર રાજ્યમાં દરેક ક્ષેત્ર અને તમામ વર્ગમાં પરિવર્તનનો માહોલ જોતાં જ ભાજપ સરકારમાં ગાંડા થયેલા વિકાસે છેલ્લા ૧૫ દિવસથી રાજકીય લ્હાણી શરૂ કરી દીધી છે. છેલ્લા પાંચ વર્ષમાં મોટાભાગનાં ચૂંટણી વચનો પૂરાં નહીં કરનાર ભાજપે તમામ લોકોનું અન્યાયપૂર્ણ શોષણ કરી સત્તા અને પૈસાનો અહંકાર બતાવ્યો છે. ભાજપની ચૂંટણીલક્ષી જાહેરાતો સામે પડકાર ફેંકતા તેમણે પાટીદારોના અનામત આંદોલન અને તેમાં થયેલાં યુવાનોનાં મોતનો હિસાબ આપવા જણાવ્યું છે. દલિતો આદિવાસીઓનાં શોષણ, ઓબીસીની અવગણના સાથે ખેડૂતોને વિજ જોડાણ, સિંચાઈનું પાણી, પાક વીમાનું વળતર, પોષણક્ષમ ભાવો જેવી રાહત ક્યારે, કેટલી આપી તે જણાવવી જોઈએ.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### અટક બદલેલ છે

મારી અટક નામ મિસ્ત્રી ચિંતન પ્રવીણકુમાર હતું તે અટક બદલી ઉમરાણીયા ચિંતન પ્રવીણકુમાર રાખેલ છે.

લી.
**ઉમરાણીયા ચિંતન પ્રવીણકુમાર**
૧૦, જલદીપ સોસાયટી,
મેઘરજ રોજ, મુ.તા. મોડાસા,
જી. અરવલ્લી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ